3

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦(૧) હેઠળ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની સત્તાઓ બાબત....

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ક્રમાંક: ફકબ- ૧૪૮૪-૨૧૯૯-મ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ. ૨૮-૧૦-૧૯૯૫

પરિપત્ર:
-----

રાજયના તમામ સર્કલ ઓફીસરો અને નાયબ મામલતદારોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦ (૧) અન્વયે રાજય સરકારે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે નિમણુંક આપેલ છે. આથી સર્કલ ઓફીસરો અને નાયબ મામલતદારો તેમના વિસ્તારમાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેની સત્તાઓ ધરાવતા હોઈ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૭ના કેસો તેઓ સ્વતંત્ર રીતે ચલાવી તેનાં જજમેન્ટ પણ સ્વતંત્ર રીતે આપે છે. નાયબ મામલતદારો અને સર્કલ ઓફીસરોએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે ફકત ડાઈંગ ડીકલેરેશન, એફીડેવીટ અને કાયદો અને વ્યવસ્થા જેવી કામગીરીજ કરવાની થાય. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૦૭ અન્વયેના અગત્યના કેસોની ન્યાયીક કામગીરી બિન રાજયપત્રિત એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ ચલાવી શકે નહિ. ખરેખર આવા કેસોની કામગીરી મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓને સ્વતંત્ર રીતે સોંપવી જોઈએ તેવું મંતવ્ય સરકારશ્રીમાં રજુ કરી આ બાબતમાં પુનઃ વિચારણા કરવા સરકારને અનુરોધ કરવામાં આવ્યો હતો.

૨. રાજયના નાયબ મામલતદારો અને સર્કલ ઓફીસરોને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦(૧) નીચે અપાયેલ સત્તાઓ નિયંત્રિત કરવા બાબતમાં પુખ્ત વિચારણાને અંતે નાયબ મામલતદારો અને સર્કલ ઓફીસરોને ક્રીમીનલ પ્રોસીજર કોડ નીચે અપાયેલ સત્તાઓ ચાલુ રાખવી એમ ઠરાવવામાં આવે છે. આમ છતાં આ અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે કે જીલ્લા મેજીસ્ટ્રેટ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩(૨) નીચે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓની કામગીરીની વહેંચણીના હુકમો કરી શકે છે. જીલ્લા મેજીસ્ટ્રેટ કામની વહેંચણીના આવા હુકમો કરી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૭ અન્વયેના કેસો ચલાવવાની કામગીરી સ્વતંત્ર રીતે તાલુકા મેજીસ્ટ્રેટ/મહાલકારીને સોંપી શકે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
(એમ. એમ. પટેલ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી.